# અણસ્પર્શ્યા પ્રશ્નોની બાળકવિતાઓ | નટવર પટેલ

[**ના ના કરતા હા હા કરતા :** ગુલામ અબ્બાસ 'નાશાદ', પ્રકા. લેખક પોતે, ૨૦૦૪, પૃ. ૩૦+૬, કિં. રૂ. ૩૬/-]

ગુલામ અબ્બાસ 'નાશાદ' અહીં બાળકો માટે ૨૮ રચનાઓ લઈને આવ્યા છે. આ એમનો ત્રીજો બાળકાવ્યસંગ્રહ છે. રચનાઓ પર નજર કરતાં બે-ત્રણ બાબતો ખાસ નજરે ચડે છે. આ રચનાઓમાં કવિએ અંગ્રેજી શબ્દોનો સુંદર વિનિયોગ કર્યો છે.

**'મમ્મીનો વાયોલેટ ડ્રેસ,**
**પપ્પાય થઈ ગયા ફ્રેશ'** (પૃ. ૮)

બીજી વાત એ કે કવિએ અહીં હિંદી-ઉર્દૂ શબ્દો પણ, પ્રાસ ન તૂટે એ રીતે પ્રયોજ્યા છે; જેમ કે

**'ભરૂચ, ખંભાત જૂની શાન,**
**ઇતિહાસની જે પહેચાન.** (પૃ. ૪)

ને ત્રીજી બાબત જરા ગંભીર છતાં વાસ્તવિક છે. કોમી દાવાનળ ભભૂકી ઊઠે ત્યારે બાળકના મનમાં ઊડતા અનુત્તર રહેવા સર્જાયેલા પ્રશ્નોને કવિએ અહીં બાળરચનાઓમાં ઢાળ્યા છે. એક બાળક એના પપ્પાને પૂછે છે :

**'ફરી દુકાનો તૂટી ને ફરી ઘરો બળ્યાં છે,**
**પપ્પા ! આજે શું થયું રસ્તા સૌ સૂના છે ?** (પૃ. ૧૭)

**સ્કૂલમાં તો ટીચર કહેતી આપણે સૌ ઇન્સાન,**
**મમ્મી ! પછી હું હિન્દુ કેમ ? ગની કાં મુસલમાન ?** (પૃ. ૧૮)

આ જ કાવ્યમાં કવિએ અંતિમ ચરણમાં જે કટાક્ષ કર્યો છે તે હૃદયસોંસરવો ઊતરી જાય એવો છે :

**ઘર સૌ બાળે, લૂંટે દુકાનો, માણસને પણ મારે,**
**ટીવી પણ એવું જ બોલે, એવું પેપર છાપે;**
**સાઇનબોર્ડ પર તો લખ્યું છે આપણો દેશ મહાન !** (પૃ. ૧૮)

સાંપ્રત સમાજને બાળનજર જે રીતે જુએ છે તે વાત કવિએ અહીં સહજ રીતે મૂકી છે, છતાં એની અસર જેવીતેવી તો નથી જ. 'ના ના કરતા...' કવિ જે કહેવું છે તે કહી દે છે. આવી પાંચેક રચનાઓ આપણને અહીં મળે છે.

અન્ય રચનાઓમાં કવિએ વિષયવૈવિધ્ય ખેડ્યું છે. અહીં કીડી, પોપટ, સફરજન, નારંગી, બંગલો, ઉંદર, ભમરડો, કાગળની હોડી વગેરે પર રચનાઓ મળે છે. કોઈ કોઈ રચનામાં કવિ માત્ર માહિતી આપવામાં ઇતિશ્રી માને છે, તેથી કવિતામાંથી કશુંક છટકી જતું લાગે છે. તો વળી કેટલી રચનાઓ સહજ રીતે જ સારી બની છે. 'ચાંદામામા કેવા પ્યારા', 'મુન્ની રમતાં શીખી ગઈ', 'ઉંદરનું ચાલે છે રાજ' વગેરે આવી રચનાઓ છે. કવિની કલમ પર હિંદુ-ઉર્દૂની અસર વર્તાય છે. અહીં જહાન, શાન, પરચમ, સફર, ધડકન, દૂમ, ખુશહાલી વગેરે શબ્દો જોવા મળે છે. જોકે ક્યાંક ક્યાંક આ શબ્દો અનુપ્રાસ જાળવવામાં ઊણા ઊતરે છે. ત્યાં ગુજરાતી શબ્દોની અપેક્ષા રહે છે. આમ કરવાથી વધારે બાળવાચકો રચનાનો આનંદ જાતે માણી શકે.

પાને પાને ચિત્રો જોવા મળે છે, જે કાવ્યને સમજવામાં સહાયક બને છે. છતાં બધાં ચિત્રો ઉત્તમ ન કહી શકાય. ચિત્ર વગર પણ બાળક પોતાની કલ્પનાથી નવું ચિત્ર ઊભું કરી કાવ્ય માણી શકે છે.

અહીં વિરામચિહ્નો, જે જરૂરી છે તે પણ અમુક રચનામાં જોવા મળતા નથી. 'દેશનો પરચમ ત્રિરંગો' અને 'નારંગી' કાવ્યમાં કવિએ 'પરચમ' શબ્દ પ્રયોજ્યો છે, જે ગુજરાતી બાળવાચકને સમજવો અઘરો પડે તેમ છે. કેટલીક પંક્તિઓ સ્પષ્ટ થતી નથી. જેવી કે

**બિલ્લીમાસીથી છે વેર**
**આંક છે ઇકોત્તેર.** (પૃ. ૧૫)

**શુદ્ધ હો લાગણીઓ હવામાં**
**એવા શ્વાસોને છાતીમાં ભરીએ.** (પૃ. ૨૯)

S

**ગણિત વિના વ્હેપારી દુનિયા**
**બાળકોની પ્યારી દુનિયા.** (પૃ. ૬)

કવિ પાસે કલ્પનોન્મેષ છે, બાળદૃષ્ટિ છે, ને તેથી અપેક્ષા રહે છે કે કવિ હજી પણ ઉત્તમ બાળરચનાઓ આપશે.